14, Dec 2016

Competition for fast bowlers in Team India

**એક મુલાકાત** | ઓસ્ટ્રેલિયા પ્રવાસથી લાભ થયો છે : ભારતીય ક્રિકેટ ટીમના જયદેવ ઉનડકટ ભાવનગરમાં ક્રિકેટ મેચ રમવા ઉતર્યા

# ટીમ ઇન્ડીયામાં ફાસ્ટ બોલરમાં હરિફાઇ : ઉનડકટ

ભાવનગર | 13 ડિસેમ્બર

ભારતીય ક્રિકેટ ટીમમાં જગ્યા બનાવવી અને જાળવી રાખવી એ ખૂબ જ કપરૂ કાર્ય છે, પોરબંદરની ટીમ વતી ભાવનગર ખાતે ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં રમવા માટે પધારેલા ભારતીય ક્રિકેટ ટીમના 25 વર્ષિય ડાબેરી ફાસ્ટ બોલર જયદેવ ઉનડકટે જણાવ્યુ હતુ.

ભારતમાં ક્રિકેટ ખૂબ જ લોકપ્રીય રમત છે, અને દરેક લોકો પોતાનું સંતાન ભારતીય ક્રિકેટ ટીમ વતી રમે તેવા શમણા સેવે છે. આટલા મોટા દેશમાંથી ટીમ ઇન્ડીયાની ક્રિકેટ ટીમમાં સ્થાન મેળવવુ અને જાળવી રાખવું એ કપરૂ કાર્ય છે. જયદેવ ઉનડકટે જણાવ્યુ હતુકે, આ અગાઉ પણ હું ભાવનગર ખાતે ડોમેસ્ટિક મેચોમાં ભાગ લેવા આવી ચૂક્યો છું. અહીં સારી આવકાર મળે છે.

ભારતીય ક્રિકેટ ટીમમાં હાલના તમામ ફાસ્ટ બોલરો તેઓની પ્રતિભા અનુસાર શ્રેષ્ઠ દેખાવ કરી રહ્યા છે, અને ભારતની ટીમમાં સ્થાન પ્રાપ્ત કરવા માટે સતત નોંધપાત્ર દેખાવ કરતા રહેવું એ જરૂરી છે. તાજેતરમાં ઓસ્ટ્રેલિયા ખાતે ભારત-એ ટીમ વતી રમવાનો જે અનુભવ મળ્યો છે તેના કારણે ટીમમાં સ્થાન પુનઃ પ્રાપ્ત કરવા માટે મદદ મળશે.

મારૂ કામ છે સતત સારો દેખાવ કરતા રહેવુ, અને હું આખુ વર્ષ સતત મારી બોલિંગની ધાર તેજ બનાવવા





માટે, ફિટનેસ પર ધ્યાન આપી રહ્યો છું. આજથી 6 વર્ષ અગાઉ વર્ષ 2010માં દક્ષિણ આફ્રિકા સામે ટેસ્ટ ક્રિકેટમાં પદાર્પણ કરનારા 25 વર્ષિય જયદેવ ઉનડકે ઉમેર્યુ હતુકે પ્રથમ શ્રેણી ક્રિકેટ ટુર્નામેન્ટની મેચોમાં સતત અને સારી બોલિંગ કરવાથી પુનઃ ટીમ ઇન્ડીયામાં સ્થાન મેળવવાની આશા છે. ઉનડકટના મતે યુવા ખેલાડીઓ માટે ભારતમાં આઇપીએલ ખુબ સારૂ પ્લેટફોર્મ છે. ઉનડકટ કોલકાતા નાઇટ રાઇડર્સ, રોયલ ચેલેન્જર્સ બેંગલોર, દિલ્હી ડેરડેવિલ્સ વતી આઇપીએલમાં રમી ચૂક્યા છે. જયદેવના જણાવ્યા પ્રમાણે તેઓએ તાજેતરમાં ખેડેલા ઓસ્ટ્રેલિયા પ્રવાસમાં તેઓની બોલિંગ વધુ ધારદાર બની છે અને ત્યાંનો અનુભવ અનન્ય છે.

સૌરાષ્ટ્ર ક્રિકેટ એસો.ની ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં પોરબંદર વતી રમવા માટે ભાવનગર આવેલા ઉનડકટ આવતીકાલે સવારે ભાવનગર સિટી સામે મેચ રમશે. તેઓએ કહ્યુ હતુકે, હું દરેક મેચમાં ગંભીરતા સાથે રમું છુ. અને જ્યારે હું ઉપલબ્ધ હોઉં છુ ત્યારે પોરબંદર વતી ડિસ્ટ્રીક્ટની તમામ મેચોમાં પણ ભાગ લઉં છું.

+CMYK

Courtesy: Saurashtra Samachar (Divya Bhaskar Group)